ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વાહનોના ઉત્પાદનમાં મહારાષ્ટ્રને પછાડી ગુજરાત બીજા ક્રમે આવશે

ગુજરાતના આંગણે કાર ઉત્પાદકોનો મેળો જામ્યો છે. માત્ર ૨૦૦૦ કરોડના મૂડીરોકાણ સાથે સાણંદમાં શરૂ થયેલા તાતાના નેનો કાર પ્રોજેક્ટને કારણે ગુજરાતના આંગણે બીજી કંપનીઓએ તેમના કાર ઉત્પાદનના પ્રોજેક્ટ શરૂ કર્યા છે. હાંસલપુરમાં સુઝુકી મોટર્સ ૮૫૦૦ કરોડનું મૂડીરોકાણ કરી રહી છે. સાણંદમાં ફોર્ડ ઈન્ડિયા ૬૦૦૦ કરોડ રોકી રહી છે. વિઠ્ઠલપુરમાં હોન્ડા કાર ૪૦૦૦ કરોડ અને હોન્ડા મોટરસાયકલ ૧૧૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાનો પ્લાન બનાવ્યો છે. હાલોલમાં હીરો મોટોકોર્પ ૧૧૦૦ કરોડ તેમજ બાવલામાં અતુલ ઓટો ૧૫૦ કરોડ રોકશે. બીજી ગણતરી કરીએ તો ગુજરાતમાં અત્યારે વર્ષે ૪.૫૮ લાખ વાહનો બને છે, જે આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં ૪૬.૩૩ લાખ વાહનો ઉત્પાદિત કરતું હશે, જે સમગ્ર દેશમાં ગુજરાતને બીજોક્મ અપાવશે. હાલ દેશમાં નેશનલ કેપિટલ રિઝિયન-એનસીઆર ખાતે -તિ વર્ષ સૌથી વધુ ૪૯.૨૦ લાખ વાહનો ઉત્પાદિત થાય છે, જયારે ૨૬.૨૪ લાખ સાથે મહારાષ્ટ્રનો નંબર આવે છે. તામિલનાડુ ૧૫ લાખ સાથે ત્રીજાક્રમે છે...

## ગીર સેન્ચ્યુરીના ૪૭ વર્ષમાં સિંહોની સંખ્યા ૧૭૭થી ૫૦૦ સુધી પહોંચશે

## ટાઈમ લાઈન

**- ગૌતમ પુરોહિત**

### પાંચ મહિનામાં બાર સિનિયર મોસ્ટ આઈએએસ ઓફિસરો વયનિવૃત્ત થાય છે

**બજેટ વચ્ચે -મોશનની મોસમ ...**

ઓફિસરોની બદલીઓની મોસમ નવી દિલ્હીમાં છલકે છે અને ગુજરાતમાં પણ પગરણ સંભળાય છે. સરકારના વિવિધ વિભાગોમાં તેમજ જિલ્લા કક્ષાએ આઈએએસ અને આઈપીએસની બદલીઓ થવાની છે. બદલીઓની સાથે સાથે પ્રમોશન પણ ઢગલાબંધ છે. ઘણાં લાંબા સમયથી પ્રમોશનની રાહમાં આઈપીએસ ઓફિસરોએ અંતે ચીફ મિનિસ્ટર ઓફિસમાં રજૂઆત કરવી પડી છે. કેટલાક કેસોમાં ડેપ્યુટેશનની ફાઈલ અટવાયેલી છે. એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે ગાંધીનગરમાં બદલી કરવી હોય તો પહેલાં તે ઓફિસરની જાણ નવી દિલ્હીમાં કરવાની હોય છે. વાત પણ સાચી એટલા માટે છે કે ગુજરાત સરકાર જે ઓફિસરને બદલવા માગતી હોય તે ઓફિસરને નવી દિલ્હીમાં પોસ્ટીંગ આપવાની વિચારણા ચાલતી હોય છે. એટલે કહેવાય છે કે નસીબ જોર કરતું હોય તો દિલ્હી જઈ શકાય છે...

**સિંહોની વસતી ગણતરી આવી રહી છે ...**

ગુજરાતના સિંહો એશિયાભરમાં મશહૂર છે, કારણ કે એશિયાટીક લાયન માત્ર ગુજરાતના ગીર અભ્યારણ્યમાં બચ્યા છે. છેલ્લે ૨૦૧૦માં સિંહોની વસતી ગણતરી થઈ ત્યારે સિંહોની સંખ્યા ૪૧૧ જોવા મળી હતી. જંગલ ખાતાના એક અધિકારીના જણાવ્યા -માણે ૨૦૧૫માં સિંહોની સંખ્યા ૫૦૦ પહોંચી જાય તો નવાઈ પામવા જેવું નથી. દર પાંચ વર્ષે આવતી સિંહોની વસતી ગણતરી બીજી મે ના રોજ શરૂ થશે અને પાંચમી મે ના રોજ પૂર્ણ થશે. રાજયના પાંચ જિલ્લાના ૨૦ હજાર સ્વેર કિલોમીટર વિસ્તારમાં આ ગણતરી થવાની છે જેમાં ૨૦૦૦ વન કર્મચારીઓ જોડાશે. સિંહોની વસતી ગણતરી પણ રોમાંચક અને અત્યાધુનિક બની ચૂકી છે, કારણ કે આટલા મોટા વિસ્તારમાં માત્ર ચાર દિવસમાં ગણતરી પૂર્ણ થવાની છે...

**ગીરમાં લાયન ક્યારે કેટલા હતા ...**

ગુજરાતના એકમાત્ર ગીર સેન્ચ્યુરીમાં લાયનની સંખ્યા ૧૯૬૮માં માત્ર ૧૭૭ હતી, ત્યારબાદ દર પાંચ વર્ષે તેની સંખ્યા વધતી રહી છે. ૧૯૭૪માં લાયન વધીને ૧૮૦ થયા, ૧૯૭૯માં ૨૬૧, ૧૯૮૪માં ૨૫૨, ૧૯૯૦માં ૨૪૯, ૧૯૯૫માં ૨૬૫ અને ૨૦૦૦માં સાલમાં વધીને ૩૨૭ થયા હતા. લાયનની વસતી ગણતરી જયારે ૨૦૦૫માં કરવામાં આવી ત્યારે તેની સંખ્યા વધીને ૩૫૯ જોવા મળી હતી અને છેલ્લે ૨૦૧૦માં ૪૧૧ લાયનની ત્રાડ ગીરપંથકમાં સંભળાતી હતી જેમાં ૯૭ મેલ, ૧૬૨ ફિમેલ અને ૧૫૨ કબ હતા. સિંહોની જાતીમાં સિંહ કરતાં સિંહણોની સંખ્યા વધારે જોવા મળે છે...

## કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મોદી અને ભાજપના ફેન કેમ બની રહ્યા છે

**૧૨ ઓફિસર જીવનના ૬૦ વર્ષ પૂર્ણ કરે છે...**


ફેબ્રુઆરીથી જૂન સુધીના પાંચ મહિનાના

● અનુસંધાન પાના - ૭ પર

# અડાલજ જુથ અથડામણમાં ૮૨ની ધરપકડ

## આરોપીઓથી બે પોલીસ સ્ટેશનના લોકઅપ હાઉસફુલ : દૂધ ભરવા બાબતે રબારી અને ઠાકોરો વચ્ચે થયેલા રાયોટીંગમાં સ્થિતિને કાબુ કરવા ગયેલા પી.આઈ. સહીત ૧૪ પોલીસ ઘાયલ : ધારીયા, લાકડીઓ, પાઈપો, ઈંટો અને પથ્થરો જેવા પ્રાણઘાતક હથિયારો લઈને સામસામે આવી ગયેલા બંને જુથોને વિખેરવા પોલીસે ૧૮ ટીયરગેસ છોડી ૧૦ રાઉન્ડ ફાયરીંગ કરવુ પડ્યુ : પોલીસના ૧૮ વાહનોમાં તોડફોડ





રાયોટીંગમાં વપરાયેલા હથિયારોથી એક રૂમ ભરાઈ ગયો...!



ગાંધીનગર, તા. ૧ દૂધ ભરવા જેવી નજીવી બાબતે ગત મોડી સાંજે અડાલજ ગામમાં રબારી અને ઠાકોર બે જુથો પ્રાણઘાતક હથિયારો લઈને સામસામે મેદાનમાં આવી જતાં પરિસ્થિતિ તંગ થઈ જવા પામી હતી. આ સ્થિતિને કાબુમાં લાવવા જિલ્લાભરની પોલીસ બનાવ સ્થળે ઉતારી દેવાઈ હતી અને વચ્ચે પડેલી પોલીસ પૈકી પી.આઈ. સહિત ૧૪ પોલીસ પણ આ ધિંગાણામાં ઘાયલ થયા હતા. આખરે પોલીસે ૧૦ રાઉન્ડ ફાયરીંગ અને ૧૮ ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા. સ્થિતિને કાબુમાં લઈ કોમ્બીંગ નાઈટ રાખીને પોલીસે રાત્રે જ ૮૨ આરોપીઓને લાકડી, ધોકાઓ જેવા હથિયારો સાથે ઉઠાવી લીધા હતા. બંને જુથોના આરોપીઓ પોલીસ સ્ટેશનમાં હંગામો ન કરી નાંખે તે માટે અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા. માણસા અને અડાલજ પોલીસ સ્ટેશનના લોકઅપ રૂમો આરોપીઓથી હાઉસફુલ થઈ ગયા હતા. પોલીસે લુંટ, ધાડ, રાયોટીંગ, પોલીસ પર હુમલો, ફરજમાં રૂકાવટ, ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી સહિતના ગુનાઓ મળીને કુલ ૧૩ આઈ.પી.સી. કલમો મુજબ ૮૨ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ અડાલજ ગામમાં રહેતા સુનિલ ઠાકોર અને શૈલેશ રબારી વચ્ચે ગઈ સાંજે મંડળીમાં દૂધ ભરવાની બાબતે બોલાચાલી થઈ હતી. શૈલષ રબારીએ સુનિલને ગાળો બોલીને થપ્પડ ઝીંકી દેતા સુનિલ ઘરે જતો રહ્યો હતો અને તેના કાકાને ઘટનાની જાણ કરી હતી. સુનિલના કાકા શૈલેષને ઠપકો આપવા ગયા તો શૈલેષે તેમને પણ માર મારતા મામલો બિચક્યો હતો. ઠાકોરો અને રબારીઓ એક પછી એક ધારીયા-લાકડીઓ તથા જે હાથમાં આવ્યું તે હથિયાર લઈને ઘરની બહાર નીકળવા લાગ્યા ને રબારી વાસ સામે ખુલ્લા ખેતરમાં બંને જુથો સામસામે આવી ગયા હતા. લાકડી, ધારીયા, ઈંટના ટુકડા, પથ્થરો ઉછળવા લાગ્યાના મેસેજ પોલીસને મળતા બેકાબુ બનેલી સ્થિતિ કાબુમાં લાવવા જિલ્લાભરની પોલીસ તથા એલ.સી.બી., એસઓજીનો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવાયો હતો. ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર તાબડતોબ પહોંચી ગયા હતા. સ્થિતિ

● અનુસંધાન પાના - ૭ પર

### ઘવાયેલા પોલીસ અધિકારી-કર્મચારીઓ

રાયોટીંગને કાબુમાં લેવા પહોંચેલી પોલીસ પર પણ હુમલો થયો હતો. જેમાં અડાલજ પીઆઈ કે.કે. પંડ્યા, એએસઆઈ ભીખાભાઈ, કાનજીભાઈ, કોન્સ્ટેબલ કુંજનભાઈ, પદમસિંહ, દિવ્યરાજસિંહ, લોકરક્ષક ગીરીરાજસિંહ, સુનિલકુમાર, સંજયકુમાર, બળદેવભાઈ ઉપરાંત એલસીબીના હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ, રમેશભાઈ અને સુર્યપ્રકાશભાઈ મળીને ૧૪ પોલીસ અધિકારી-કર્મચારીઓ ઘવાયા હતા.

### ગામમાં બે કંપની એસઆરપી ખડકી દેવાઈ : તંબુ ચોકી બાંધી રાઉન્ડ ધ ક્લોક પોલીસ પણ તૈનાત

ગામમાં વણસેલી સ્થિતિ મહા મહેનતે કાબુમાં લીધા બાદ ઉશ્કેરાટમાં ફરી બંને જુથો સામસામે ન આવી જાય તેની તકેદારીના ભાગરૂપે ગામમાં બે એસઆરપી કંપની ઉતારી મુકવામાં આવી છે. તે ઉપરાંત બનાવના સ્થળે તંબુ ચોકી પણ ઉભી કરી દઈ પોલીસને રાઉન્ડ ધ ક્લોક સ્ટેન્ડ ટુ રહેવા ડીએસપીએ હૂકમ કર્યો છે.

### તાત્કાલિક જોડાઇ શકે તેવા યુવાનો માટે

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટે SECC-2011ના ડેટા સાથે બારકોડેડ રેશનકાર્ડ સાથે મેપીંગ કરવા અંગે ઘરે ઘરે ફરીને માહિતી એકત્ર કરી ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની કામગીરી ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરવાની હોઈ આઉટસોર્સીંગથી કોમ્પ્યુટર જાણકાર, અનુભવી તથા પોતાનું લેપટોપ અથવા ટેબલેટ ધરાવતા કોમ્પ્યુટર ઓપરેટરોની જરૂરીયાત છે. સદર કામગીરી અર્થે ઈચ્છુક ઓપરેટરોએ મામલતદારશ્રી, મામલતદાર કચેરી, જિલ્લા સેવા સદન, ભોંયતળીયે, સે-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરશો.

**જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર**




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com